dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

May-July 2011 For private circulation only Vol. 03 - Issue 57-59

अभयं सत्त्वसंशुद्धिर्ज्ञान योगव्यवस्थितिः ।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ।। १ ।।
अहिंसा सत्यमक्रोधस्त्यागः शान्तिरपैशुनम् ।
दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलम् ।। २ ।।
तेजः क्षमा धृतिः शौचमद्रोहो नीतिमानिता ।
भवन्ति संपदं दैवीमभिजातस्य भारत ।। ३ ।।

– श्रीमद्भगवद्गीता अध्याय – १६

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

નૂતન શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨ના પ્રારંભે ઉચ્ચશિક્ષણ સાથે સંકળાયેલ સૌ સહપંથીઓને શુભકામનાઓ. યુનિવર્સિટીના સમયસર બહાર પડેલા પરિણામો તથા નવા સત્રથી ચોઈઝ બેઝડ ક્રેડીટ સિસ્ટમના શુભારંભથી શૈક્ષણિક સત્ર વ્યવસ્થા સુચારુ ગોઠવાઈ છે. તમામ આચાર્ય મિત્રો, શૈક્ષણિક સહાયક કર્મચારી મિત્રો તથા ચૌદસો જેટલા અધ્યાપક મિત્રો માટેના એક દિવસીય વર્કશોપથી વિષયની સ્પષ્ટતાઓ સાથે શૈક્ષણિકકાર્યની શરૂઆત થઈ છે. તમામ પ્રવેશ પ્રક્રિયાઓ સુચારૂ રીતે પારદર્શિતાથી પૂર્ણ થયેલ છે. સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે નિર્ધારિત કરેલ લક્ષાંકોને પ્રાપ્ત કરવા આપણે સૌ સજ્જ થયા છીએ. નૂતન વર્ષના આરંભે શ્રીમદ્ભગવદ્ગીતાના સોળમા અધ્યાયમાંથી બોધ લઈ દૂર્ગુણો પર વિજય મેળવી સદ્ગુણોની આપણા જીવનમાં વિજય પતાકા લહેરાવવા કટિબધ્ધ બનીએ.

ઉચ્ચશિક્ષણનું કર્તવ્ય માહિતીના મહાસાગરમાંથી જ્ઞાનરૂપી અમૃત એકઠું કરવાનું છે. અનુભવની એરણ પર તેને તપાવી ડહાપણ પ્રગટાવવાનું છે. માત્ર પરીક્ષાલક્ષી માહિતીથી ઉપર ઊઠી મૂલ્ય-નિષ્ઠા પર ભાર મૂકવાનો છે. પ્રતિક્ષણ આસુરી વૃત્તિઓને મિટાવી દૈવી સંપત્તિઓના સદ્ગુણો વિકસાવવાના છે. વિનોબા ભાવે "ગીતા પ્રવચનો"માં લખે છે. " સૂર્યોદય થવાનો હોય છે ને જેમ પહેલાં તેની પ્રભા ફેલાય છે તેમ જીવનમાં કર્મ, ભકિત અને જ્ઞાન એ ત્રણેથી પૂર્ણ એવો પુરુષોત્તમયોગ ઉદય પામે તે પહેલાં સદ્ગુણોની પ્રભા બહાર ફેલાવા માંડે છે... સેવા, ભકિત અને જ્ઞાન જીવનમાં ઊતર્યા છે એ શેના પરથી જાણવું ? આપણે ખેતરમાં મહેનત કરીએ છીએ છેવટે અનાજનો ઢગલો તોળી લઈએ છીએ. તેવી રીતે આપણે જે સાધના કરીએ છીએ તેમાંથી આપણને શો અનુભવ થયો, સદ્વૃત્તિ કેટલી ઊંડી ઊતરી, કેટલા સદ્ગુણ આપણામાં કેળવાયા, જીવન ખરેખર સેવામય કેટલું બન્યું, તે બધું તપાસી જવાનું... જીવનની કળા કેટલી ખીલી તે જોવાનું આ અધ્યાય કહે છે. જીવનની આ ચડતી કળાને ગીતા દૈવી સંપત્તિ નામ આપે છે. એની વિરુધ્ધની જે વૃત્તિઓ છે તેમને આસુરી કહીને ઓળખાવી છે." આ ગુણો પ્રત્યે નૂતન વર્ષે સભાનતા કેળવાય તથા તે દિશામાં ચિત્ત પરોવાય તો મૂલ્ય-શિક્ષણના વર્ગો ચલાવવાની જરૂરિયાત રહેશે નહી.

શ્રીકૃષ્ણ દૈવી સંપત્તિને પ્રાપ્ત થયેલા મનુષ્યના છવીસ ગુણો પ્રથમ ત્રણ શ્લોકમાં દર્શાવે છે. આપણા અંતઃકરણમાં એક બાજુ સદ્ગુણો અને બીજી બાજુ દૂર્ગુણો ઊભા છે. બંનેએ પોતપોતાની વ્યવસ્થા બરાબર ગોઠવી છે. લશ્કરમાં જેમ સેનાપતિ જોઈએ છે તેમ અહીં પણ સદ્ગુણોએ પોતાના સેનાપતિ તરીકે "અભય"ને નીમી પ્રથમ શ્લોકના પ્રથમ શબ્દ અભયમ્ થી શરૂઆત કરી છે. નિર્ભયતા સર્વ સદ્ગુણોનો નાયક છે. માત્ર સેનાપતિથી યુધ્ધ ન જીતાય, પાછળનો મોરચો પણ બરાબર હોવો જોઈએ. ભગવાન શ્રીકૃષ્ણ "અભય"ના સેનાપતિને "આર્જવ" એટલે કે નમ્રતા, સરળતા, સ્વાભાવિકતા, બનાવટીપણાથી પર એવો સદ્ગુણોનો મોરચો હોય તો જ જીવન યુધ્ધ જીતી જવાની વાત પર ભાર મૂકે છે. આવો આ છવીસ ગુણોનો પરીચય મેળવીએ.

(૧) અભયમ્ -અનિષ્ટ થવાની આશંકાથી મનુષ્યના અંતરમાં જે ગભરાટ થાય છે, તેનું નામ ભય છે અને તે ભયના સર્વથા અભાવનું નામ 'અભય' છે. અભય વિના કોઈ પણ ગુણ વધતો નથી. ખરાપણા વગર સદ્ગુણની કિંમત નથી. અને ખરાપણાને નિર્ભયતાની જરૂર રહે છે. ભયભીત વાતાવરણમાં સદ્ગુણો ખીલતા નથી. ભયભીત વાતાવરણમાં સદ્ગુણ પણ દૂર્ગુણ બની બેસે છે, સત્ પ્રવૃત્તિ પણ દૂબળી પડી જાય છે. કાયરતા છોડવાથી બાહ્ય વાતાવરણના ભય ટળે છે, જયારે અયોગ્ય આચરણ આંતરિક ભયનું મૂળ છે.

(૨) સત્વસંશુધ્ધિઃ -અંતઃકરણની શુધ્ધિ. અંતઃકરણ જેટલું શુધ્ધ તેટલો માણસ શુધ્ધ. જેનું અંતઃકરણ શુધ્ધ થાય છે એને ખરાબ વાસના થતી નથી. શુધ્ધ અંતઃકરણ વિનાનું જ્ઞાન નુકશાનકારક સાબિત થાય. સત્વસંશુધ્ધિ એટલે વિચાર, ભાવ, ઉદ્દેશ્ય અને લક્ષ્ય દુષ્કર્મો ન કરવાના દ્રઢ સંકલ્પ પર આધારિત હોવા.

(૩) જ્ઞાનયોગ વ્યવસ્થિતિઃ -જ્ઞાનને યોગમાં સ્થિત કરવું. જ્ઞાન એટલે સમજ. જે વસ્તુ જેવી છે તેવી રીતે સમજવી તેનું નામ જ્ઞાન. ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞને યથાર્થ ઓળખવાં એ જ્ઞાન. યોગનો અર્થ છે - સાંસારિક પદાર્થોની પ્રાપ્તિ-અપ્રાપ્તિમાં, માન-અપમાનમાં, નિંદા-સ્તુતિમાં અને રોગ-નિરોગમાં

સમ રહેવું. અર્થાત્ અંતઃકરણમાં હર્ષ શોક વગેરે ન થઈને નિર્વિકાર રહેવું. જ્ઞાનીના લક્ષણો ૧૩મા અધ્યાયમાં શ્લોક ૭ થી ૧૧ માં વર્ણવવામાં આવ્યાં છે.

(૪) दानम् : -ભર્તુહરિ જણાવે છે કે, પોતાને આપવાનું હોય અને સામેનું પાત્ર યોગ્ય હોય તો તેને કોઈ પણ જાતના ફળની આશા રાખ્યા વગર આપી દેવાય તેનું નામ દાન. દાનરૂપી બીજ ગમે ત્યાં વાવવાનાં નથી પણ યોગ્ય રીતે, સમ્યક્ રીતે અને વ્યવસ્થિ રીતે વાવવાનાં હોય છે.

(૫) दमः -ઈન્દ્રિયોના વેગોને રોકવા. ઈન્દ્રિયોને પૂરેપૂરી રીતે વશમાં કરવાનું નામ 'દમ' છે. સ્વાર્થ, અભિમાન, આસિકત, કામના વગેરે દોષો પર દમન થવાથી ઈન્દ્રિયસંયમ સિધ્ધ થાય છે. શુભકાર્ય કરતી વખતે ઈન્દ્રિયો ખોટે રસ્તે જતી હોય તો તેની રોકવી, ઈન્દ્રિયોને કબજામાં રાખવી એને 'દમ' કહે છે

(૬) यज्ञः -સ્વાર્થ અને અભિમાનનો ત્યાગ કરીને બીજાઓના હિતની ભાવનાથી કાર્ય કરવું તે 'યજ્ઞ' છે. યજ્ઞના ત્રણ અર્થ થાય છે : સત્ય અને અહિંસાનો સત્કાર કરવો, સંગઠન કરવું અને દાન કરવું.

(૭) स्वाध्यायः -આજે મેં કરવા યોગ્ય કામ કર્યું છે કે નહિ ? થયું તો કેટલું થયું ? બરોબર થયું કે નહિ ? ના થવાનાં કામ થયાં તેનાં કારણો શાં ? એવું ફરીથી ના થાય તે માટે શું કરવું ? આવો રોજ પોતાના જીવનનો અભ્યાસ કરવો તેને સ્વાધ્યાય કહે છે. પોતાના ધ્યેયની સિધ્ધિને માટે પોતાની વૃત્તિઓથી પોતાની સ્થિતિની કસોટી તે સ્વાધ્યાય.

(૮) तपः -કાર્ય કરતાં સ્થળ, કામ, પરિસ્થિતિ વિગેરેને લઈને કષ્ટ, આપત્તિ, વિઘ્ન આવે તેમને પ્રસન્નતાપૂર્વક સહન કરવાં તે 'તપ' છે. પવિત્ર કામો કરવા જતાં જે દુઃખો, કષ્ટો પડે તે હસતે મોઢે, આનંદપૂર્વક સહન કરવાં એનું નામ તપ, એટલે કે ઈન્દ્રિયોને તપાવવી.

(૯) आर्जवम् -'આર્જવ' એટલે સરળતા. દિલની સરળતા ન હોય તો કામ ના થાય. સાધકનાં શરીર, વાણી અને મનના વ્યવહારમાં કોઈ પણ પ્રકારનું બનાવટીપણું ન હોવું એટલે સ્વાભાવિક સરળતા, 'આર્જવતા' ન હોવી એટલે કે દંભ, બનાવટ, કપટ.

(૧૦) अहिंसाः -ગીતા બોધવાણીમાં રવિશંકર મહારાજ જણાવે છે કે અહિંસાની ઉત્પત્તિ શુધ્ધ પ્રેમમાંથી થઈ છે. અહિંસા એટલે પ્રેમનો છેલ્લામાં છેલ્લો આંક વાપરી નાખવો. મન, કર્મ, વચનથી કોઈનું ખરાબ કરવાની ઈચ્છા ના થાય, એવું વર્તન એનું નામ અહિંસા. જડ પદાર્થોનો દુરુપયોગ ના થાય એનું નામ અહિંસા. જડ પદાર્થોનો દુરુપયોગ થાય તો પણ હિંસા થાય.

(૧૧) सत्यम् -સત્ય ત્રિકાલા બાધિત છે. પોતાના સ્વાર્થ અને અભિમાનનો ત્યાગ કરીને કેવળ બીજાઓના હિતની દ્રષ્ટિએ જેવું સાંભળ્યું, દેખ્યું, વાંચ્યું, સમજાયું અને નિશ્ચય કર્યો, તેનાથી ન અધિક અને ન ઓછું - જેવું છે તેવું - પ્રિય શબ્દોમાં કહી દેવું એ 'સત્ય' છે.

(૧૨) अक्रोधः -બીજાઓનું અનિષ્ટ કરવાને માટે અંતઃકરણમાં જે બળતરા પેદા થાય છે, તે 'ક્રોધ' છે. પરંતુ જયાં સુધી અંતઃકરણમાં બીજાઓનું અનિષ્ટ કરવાની ભાવના પેદા નથી થતી, ત્યાં સુધી તે 'ક્ષોભ' છે, ક્રોધ નથી. ક્રોધને રોકવાની કળા એ પણ એક શકિત છે.

(૧૩) त्यागः -આંતરિક ક્ષમતા કેળવી સાંસારિક નાસવાન વસ્તુઓની કામનાઓને છોડવી તે ત્યાગ. જે વસ્તુ પાસે આવી હોય તેની આસકિત અંતઃકરણથી છોડવી. જગતના ભલા માટે જીવનમાં અંદર તથા બહારથી કામનાઓને ત્યજવી.

(૧૪) शान्तिः -અંતઃકરણમાં રાગદ્વેષ જનિત ખળભળાટ ન થવો એ શાન્તિ છે. જેમ ઠરેલું પાણી સ્થિર દેખાય છે તેમ શાન્તિમાં જે કોઈ વિચાર કરીએ તે બરોબર હૃદયમાં સ્થિર થાય છે. સત્કાર્ય એ શાન્તિ માટેનો પાયો છે.

(૧૫) अपैशुनम् -કોઈના દોષને બીજાઓની આગળ પ્રગટ કરીને બીજાઓમાં તેના પ્રત્યે દૂર્ભાવ પેદા કરવો એ પિશુનતા છે અને એનો સર્વથા અભાવ એ ''અપૈશુન'' છે. ભકિતમાર્ગવાળો સર્વત્ર પોતાના પ્રભુને જુએ છે. જ્ઞાનમાર્ગી પોતાના સ્વરૂપમાં રત રહે છે. જયારે કર્મયોગી પોતાના સેવ્યને દેખે છે. આમ પ્રભુને પામવાના ત્રણે માર્ગે જનાર વ્યકિત કોઈની બૂરાઈ, નિંદા, ચુગલી શા માટે કરે ?

(૧૬) दयाभूतेषुः -બીજાઓને દુઃખી જોઈને તેઓનું દુઃખ દૂર કરવાની ભાવનાને 'દયા' કહે છે. 'દયા' આવ્યા પછી જો કરુણા થાય તો દયા ધર્મ થાય. જયારે કરુણામાં ક્રિયા ભળે અને દુઃખ નિવારવાનો પ્રયત્ન થાય ત્યારે દયા ધર્મ બને છે. ભગવાન બુધ્ધનો ધર્મ દયામાંથી પ્રગટેલ કરુણાનો ધર્મ છે.

(૧૭) अलोलुप्तवम् -બીજાઓને ભોગ ભોગવતા દેખવાથી મનનું લલચાઈ જવું તે 'લોલુપતા' છે. અને તેના સર્વથા અભાવનું નામ - અલોલુપ્ત્વમ છે. લાલચ- રઘવાટનો અભાવ.

(૧૮) मार्दवम् -માર્દવમ એટલે મૃદુતા, કોમળતા, વિના કારણ દુઃખ આપવાવાળા અને વેર રાખવાવાળાઓના પ્રત્યે પણ અંતઃકરણમાં કઠોરતાનો ભાવ ન હોવો તથા સ્વાભાવિક કોમળતાનું રહેવું એ 'માર્દવ' છે.

(૧૯) ह्रीं: -શાસ્ત્ર અને લોકમર્યાદાની વિરુધ્ધનું કામ કરવામાં જે સંકોચ થાય, લજજા થાય તેનું નામ હ્રીંઃ. ધૃણાસ્પદ કર્મ કે વર્તન કરતાં અટકાવે તેવી લાજ-મર્યાદાથી સાધનવિરોધી કર્મોથી બચવાથી, પોતાના ઉદ્દેશ્યો જલ્દી પ્રાપ્ત થાય છે.

(૨૦) अचापलम् -શરીર, મન અને બુદ્ધિની નકામી ચંચળતા ન હોવી, કોઈપણ કાર્ય કરવામાં અતિ ઉતાવળાપણું ન હોવું એ 'અચાપલ' છે. વધુ પડતી ચંચળતાથી સ્થિરતા બનતી નથી.

(૨૧) तेजः -દૂર્ગુણ, દુરાચારોનો ત્યાગ કરી સદ્ગુણ તથા સદાચારોમાં લાગી જવાની શકિત એ 'તેજ ' છે. તેજ એટલે ગમે તેટલું દુઃખ આવે તો ડરવું નહિ, હસતા મોઢે પવિત્ર કામ કરતા જવું તે ઓજસ છે, તેજ છે. તેજ આત્મામાંથી આવે છે. જેમ શુધ્ધ આહારથી મોઢા પર તેજ આવે છે તેમ સત્ય આચરણથી જ્ઞાનનું ઓજસ વધે છે.

(૨૨) क्षमाः -વિના કારણ અપરાધ કરવાવાળાને શિક્ષા કરવાનું સામર્થ્ય હોવા છતાં, તે અપરાધને માફ કરી દેવો તે 'ક્ષમા' છે. ક્ષમા એ મોટામાં મોટી સંપત્તિ છે. અત્યંત બળ હોય પણ સાથે માફી આપવાની ઉદારતા હોય અને તેમાંથી

ક્ષમાભાવ પ્રગટે તે જ સાચી ક્ષમા.

(૨૩) ધૃતિઃ -ધૃતિ એટલે ધૈર્ય. કોઈપણ અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં વિચલિત ન થઈ ને પોતાની સ્થિતિમાં સ્થિર રહેવાની શકિતનું નામ ધૃતિ.

(૨૪) શૌચમ્ -શૌચનો અર્થ થાય છે પવિત્રતા. માત્ર શરીરની નહીં પરંતુ જીવન દરેક વ્યવહારની શુધ્ધિ એટલે શૌચમ. મન, બુધ્ધિ, ઈન્દ્રિય, ચિત્તની શુધ્ધિ સત્યથી થાય અને આત્માની શુધ્ધિ તપ અને જ્ઞાનથી થાય છે.

(૨૫) અદ્રોહઃ -અદ્રોહ એટલે કોઈનું બૂરું ન કરવું અથવા ન ઈચ્છવું. કોઈનો દ્રોહ ન કરવો. બીજાનું નુકશાન કરવાની વૃત્તિનો અભાવ.

(૨૬) નીતિમાનિતા -સામાન્ય વ્યકિતઓ પાસેથી માનની આશા રાખવી કે માન ઈચ્છવું એ 'માનિતા' છે. જયારે જેમનો આદર્શ ગ્રહણ કર્યો હોય, તેમની પાસેથી પણ માન અને આદર સત્કાર ઈચ્છવાં તે 'અતિમાનિતા' છે. આ બન્ને 'માનિતા' અને 'અતિમાનિતા' નું ન હોવું એ 'નીતિમાનિતા' છે.

ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે અભયથી આગળ વધ અને સરળતાથી બધાને જીતી લે. અભય અને સરળતાથી બધા સદ્‌ગુણો સચવાઈ રહેશે. એટલે એ બંન્નેને આગળ-પાછળ મૂકયા છે. આનું નામ સંપત્તિ. આ સંપત્તિ હોય ત્યાં વિપત્તિ ટકી શકે નહીં. સૌને આવી દૈવીસંપદાની પ્રાપ્તિ તરફનો પથ મળી રહે તેવી શુભભાવના સહ શુભેચ્છાઓ.

૧૫ જુલાઈ, ૨૦૧૧

બી. એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## ભવન નિર્માણ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના પરિસરમાં તા. ૨૨-૧૦-૨૦૦૮ થી ૧૦-૭-૨૦૧૧ સુધી થયેલ ભવન નિર્માણ.

૧. સિકયુરિટિ કેબિન
ઉદ્‌ઘાટક : પ્રો. બી.એ. પ્રજાપતિ, કુલપતિશ્રી
તા. ૨૨-૧૦-૨૦૦૮

૨. શ્રીમદ્ રાજચંદ્ર પ્રાર્થના હોલ (રૂપિયા ૫૧ લાખ)
ઉદ્‌ઘાટક : શ્રી ભૂલાભાઈ પટેલ
તા. ૧૦-૭-૨૦૧૧

૩. શ્રી જી.એચ. ભકતા મિમોરિયલ ટ્રસ્ટ - મેનેજમેન્ટ એકેડેમી
ઉદ્‌ઘાટક : શ્રી રમણલાલ વોરા, શિક્ષણમંત્રી,
તા. ૨૧-૧-૨૦૧૧

૪. શ્રી ગીજુભાઈ છગનભાઈ ઈન્સ્ટિટયૂટ ઓફ આર્કિટેકચર એન્ડ ઈન્ટિરિયર ડિઝાઈનીંગ (રૂા. ૧ કરોડ ૫૧ લાખ) (ભવન નિર્માણ પ્રગતિમાં)

૫. ડે કેર એન્ડ બેસિક ફેસિલિટિસ ફોર વિમેન સેન્ટર
ઉદ્‌ઘાટક : શ્રી નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રીશ્રી
તા. ૨૯-૧૧-૨૦૦૯

૬. એન્વાયરનમેન્ટ એન્ડ ફાર્મસ્યૂટિકલ કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ
ઉદ્‌ઘાટક : શ્રી નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રીશ્રી
તા. ૨૯-૧૧-૨૦૦૯

૭. એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ બિલ્ડીંગ એકસટેન્શન
ઉદ્‌ઘાટક : શ્રી નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રીશ્રી
તા. ૨૯-૧૧-૨૦૦૯

૮. શ્રી છગનભાઈ બી. પટેલ સ્ટેડિયમ એન્ડ ક્રિકેટ એકેડેમી
લોકાર્પણ : શ્રી નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રીશ્રી
તા. ૨૯-૧૧-૨૦૦૯

૯. શ્રી મોરારજી દેસાઈ જન્મ શતાબ્દિ પ્રતિષ્ઠાન, પોંસરા ગામની ૧૫ એકર જમીન, રૂા. ૬૫ લાખના ખર્ચના ભવનો, સારવાર માટેનું મુખ્ય મકાન, સ્ટાફ અને ડોકટર્સ કવાર્ટર્સ.

૧૦. ઓડિટોરિયમ (રૂા. ૫ કરોડ)

૧૧. સરસ્વતી કન્યા છાત્રાલય (રૂ. ૧ કરોડ ૬૫ લાખ)
ઉદ્‌ઘાટક : મહામહિમ કુલાધિપતિશ્રી
તા. ૨૬-૦૨-૨૦૧૦

૧૨. વી.આઈ.પી. ગેસ્ટ હાઉસ
ઉદ્‌ઘાટક : પ્રા. વસુબેન ત્રિવેદી, શિક્ષણમંત્રી
તા. ૧૭-૧૨-૨૦૧૦

૧૩. બોયઝ હોસ્ટેલ (રૂા. ૧ કરોડ ૩૦ લાખ)
લોકાર્પણ : શ્રી નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રીશ્રી
તા. ૨૯-૧૧-૨૦૦૯

૧૪. સમાજવિજ્ઞાન ભવન વિસ્તરણ (રૂા. ૭૨, ૨૮, ૩૨૦)
ઉદ્‌ઘાટક : શ્રી નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રીશ્રી
તા. ૨૯-૧૧-૨૦૦૯

૧૫. એમ.એચ.આર.ડી. ભવન વિસ્તરણ (રૂા. ૮૩, ૭૩, ૬૩૮)
ઉદ્‌ઘાટક : પ્રોફે. બી.એ. પ્રજાપતિ, કુલપતિશ્રી
તા. ૧૦-૭-૨૦૧૧

૧૬. પર્વમંચ
ઉદ્‌ઘાટક : પ્રોફે. વસુબેન ત્રિવેદી, મંત્રીશ્રી
તા. ૧૭-૧૨-૨૦૧૦

૧૭. વીર નર્મદ વાટિકા
ઉદ્‌ઘાટક : શ્રી મંગુભાઈ પટેલ, મંત્રીશ્રી
તા. ૨૧-૦૧-૨૦૧૧

## CBCS



દક્ષિણ ગુજરાતની કાલેજોના આચાર્યશ્રીઓને CBCSની વિસ્તૃત માહિતી મળી રહે તે હેતુથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તેમજ નોલેજ કોન્સોર્સિયમ ઓફ ગુજરાત (KCG) ના સંયુકત ઉપક્રમે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓનો તથા તમામ વિભાગોના વડાશ્રીઓના





એક દિવસનો CBCS તાલીમ કાર્યક્રમનું આયોજન તારીખ : ૧૯-૦૬-૨૦૧૧ના રોજ સવારે ૯ કલાકે યુનિવર્સિટી કેમ્પસ ખાતે કરવામાં



આવેલ જેમાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિ, કુલસચિવશ્રી જે.આર. મહેતા, ડૉ. વેદાંત પંડયા, શ્રી આનંદભાઈ ભટ્ટ વગેરે ઉપસ્થિત રહયા



હતા. તદ્પરાંત તા. ૨૬-૬-૧૧ના રોજ યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે પ્રત્યેક સંલગ્ન કોલેજના ત્રણ વહીવટી કર્મચારીઓને પણ CBCS તાલીમ તજજ્ઞો દ્વારા આપવામાં આવી હતી.





## CBCS Training



જૂન ૨૦૧૧-૧૨ થી ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે અમલમાં આવી રહેલા ચોઈઝ બેઈઝડ ક્રેડીટ સિસ્ટમના અમલીકરણ માટે તાલીમ આપવા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના અધ્યાપકો માટેનો એક દિવસનો તાલીમ કાર્યક્રમ તારીખ : ૧૦-૦૭-૨૦૧૧ ના રોજ યોજાઈ ગયો. જેમાં નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાતના ઈ.ચા. કન્વીનરશ્રી ડૉ. વેદાન્ત પંડયા, સ્ટેટ કો-ઓર્ડિનેટર પ્રિ. આનંદ ભટ્ટ તથા ટીમ દ્વારા CBCSના મહત્વના પરિમાણોની સમજ અધ્યાપકોને આપવામાં આવી હતી. ૧૪૦૦ થી વધુ અધ્યાપકોએ તાલીમ શિબિરનો લાભ મેળવ્યો.

તાલીમ શિબિરના ઉદ્‌ઘાટન પ્રસંગે કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિએ યુનિવર્સિટી ઉચ્ચશિક્ષણમાં નવી શિક્ષણ પ્રણાલીમાં અધ્યાપકોના ઉમદા રચનાત્મક પ્રદાન અંગે પોતાની શ્રધ્ધા વ્યકત કરી હતી.



આ પ્રસંગે વિશેષ ઉપસ્થિતિ આસ્તાના શ્રી ભુલાભાઈ પટેલની રહી હતી. તદ્પરાંત તા. ૨૬-૬-૨૦૧૧ના રોજ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓ માટેના તાલીમ વર્ગમાં ૨૫૫ થી વધુ કર્મચારીઓએ તાલીમ મેળવી હતી.

## ભવન ઉદ્‌ઘાટન



(રાજચંદ્ર પ્રાર્થના હોલનું ઉદ્‌ઘાટન)

તા. ૧૦-૦૭-૨૦૧૧ના રોજ રાજચંદ્ર પ્રાર્થના હોલનું ઉદ્‌ઘાટન શ્રી ભુલાભાઈ પટેલ તથા એમ.એચ.આર.ડી. ભવનનું ઉદ્‌ઘાટન કુલપતિશ્રી બી.એ. પ્રજાપતિના શુભ હસ્તે કરવામાં આવ્યું.



( એમ.એચ.આર.ડી. ભવનનું ઉદ્‌ઘાટન)

## ક્રિકેટ કોચિંગ કેમ્પ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા ઉનાળાની રજાઓમાં ''સમર વેકેશન ક્રિકેટ કોચિંગ કેમ્પ'' તા. ૦૬-૦૫-૨૦૧૧ થી તા. ૨૬-૦૫-૨૦૧૧ દરમ્યાન યુનિવર્સિટી કેમ્પસમાં સી.બી. પટેલ ગ્રાઉન્ડ પર યોજવામાં આવ્યો હતો. આ કેમ્પનું ઉદ્‌ઘાટન કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિના વરદ હસ્તે અને દાતાશ્રી કમલેશ પટેલના અતિથિ વિશેષ પદે કરવામાં આવ્યું હતું. કોચિંગ કેમ્પમાં સ્કુલો તેમજ કોલેજના ખેલાડીઓએ ભાગ લીધો હતો. યુનિવર્સિટીના શ્રી કેતન પટેલ ક્રિકેટના એન.આઈ.એસ. ક્રિકેટ કોચે કોચિંગ આપ્યું હતું.



## G - SLET



યુનિવર્સિટીના એમ.એસસી. (આઈ.ટી.) પ્રોગ્રામના આસી.પ્રોફેસર શ્રી કમલેન્દુ એસ. પાંડેએ ઓકટોબર-૨૦૧૦માં કમ્પ્યૂટર સાયન્સ એન્ડ એપ્લીકેશન વિષયની G-SLET પરીક્ષા ઉત્તિર્ણ કરેલ છે. અભિનંદન.

## નેશનલ કોન્ફરન્સ

યુનિવર્સિટીના ગણિતશાસ્ત્ર વિભાગના પ્રોફેસર એન્ડ હેડ. ડાં. એચ.ડી.ડાંકટર તથા પ્રોફેસર ડાં. એમ.જી.ટીમોલએ વલ્લભ વિદ્યાનગર, આણંદ ખાતે બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય એન્જીનીયરીંગ કોલેજના ઉપક્રમે યોજાયેલ 'નેશનલ કોન્ફરન્સ ઓન રીસન્ટ ટ્રેન્ડ ઈન એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજીમાં તા. ૧૩-૫- થી ૧૪-૫-૨૦૧૧ દરમ્યાન ભાગ લીધો. જેમાં ડાં. એચ.ડી.ડોકટરે પેપર રજૂ કર્યું હતું. તથા ડાં. એમ.જી. ટીમોલે કોન્ફરન્સના પ્રથમ દિવસે પેપર પ્રેઝન્ટેશનના 'મેથેમેટીકસ ટ્રેક' ના સેશનમાં ચેરમેનશિપની ફરજ બજાવી હતી.

## Loans / Scholarships

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકાર દ્વારા વિકલાંગ છાત્રો પાસેથી રાષ્ટ્રીય છાત્રવૃત્તિ માટે આવેદનપત્ર મંગાવવામાં આવે છે. ૧૦૦૦ શારીરિક વિકલાંગ વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને પ્રોફેશનલ / એજયુકેશનલ / ટ્રેઈનીંગ કોર્ષ માટે ભારતમાં અને વિદેશમાં અભ્યાસ માટે લોન અને સ્કોલરશિપ નેશનલ હેન્ડીકેપ્પડ ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NHFDC) દ્વારા પ્રદાન કરવામાં આવે છે. વિદ્યાર્થી સ્વયં NHFDC ને સીધું જ આવેદનપત્ર મોકલી શકે છે. આ સ્કોલરશિપમાં ૩૦ ટકા વિદ્યાર્થિનીઓ માટે અનામત રાખવામાં આવેલ છે. વધુ વિગત માટે : NHFDC Website : www.nhfdc.nic.in અથવા www.ugc.ac.in પર સંપર્ક કરવો.

## ગૌરવ





વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનાકાળથી આજ સુધીમાં બીજીવાર કુ. વૈશાલી બારીયા અને કુ. પિયાના પટેલ યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામી છે. જે આપણી યુનિવર્સિટી માટે ગૌરવની વાત છે. કુ. વૈશાલી બારીયા (નર્મદા કોલેજ ઓફ સાયન્સ અને કોમર્સ, ઝાડેશ્વર) કુ. પિયાના પટેલ (બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડ)એ આ ઐતિહાસિક સિધ્ધી વેસ્ટ ઝોન અને આંતર ઝોન ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધામાં પોતાની રમતના પ્રદર્શન દરમ્યાન મેળવી હતી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સને ૨૦૧૦-૧૧ દરમ્યાન બેડ્‌મિન્ટન (બહેનો)ની સ્પર્ધામાં વેસ્ટ ઝોન અને આંતર ઝોનલ ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધામાં કુ. વૈશાલી બારીયા અને કુ. પિયાના પટેલ ચેમ્પિયન બન્યા હતા. કુ. વૈશાલી બારીયા સને ૨૦૦૯-૧૦માં પણ ઈન્ડિયન યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામી હતી. હવે બીજી વખત કુ. વૈશાલી બારીયા અને કુ. પિયાના પટેલ આપણી યુનિવર્સિટી અને ગુજરાતનું નામ ચીનના શેનઝોન મુકામે વિશ્વ યુનિવર્સિટીની બેડ્‌મિન્ટનની બહેનોની સ્પર્ધામાં સુવર્ણ અક્ષરે લખશે એવી શ્રધ્ધા છે. કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિ, કુલસચિવશ્રી જે.આર. મહેતા, ચેરમેનશ્રી ડૉ. વિનોદ પટેલ, નિયામકશ્રી પોલ ડેવિડ અને સહાયક નિયામકશ્રી કપિલદેવ શુકલાએ આ વિરલ સિધ્ધિને બીરદાવી કુ. વૈશાલી બારીયા અને કુ. પિયાના પટેલને અભિનંદન સહ શુભેચ્છા પાઠવી છે.

## જર્નલ

યુનિવર્સિટીનું VNSGU Journal of Humanities and Social Sciences (A. Biannual) ISSN 0975-637X Vol.2, Issue : 2, July-December 2011 પ્રસિધ્ધ થયેલ છે. આ જર્નલના ચીફ એડીટર તરીકે પ્રોફે. સુગુના પાથી (નિવૃત્ત) અને પ્રોફે. રાકેશ દેસાઈએ સેવાઓ આપી હતી. આ જર્નલમાં કુલ-૮ શોધ લેખો પ્રગટ થયેલ છે.

## State Level Competition




M. Sc. Biotechnology Course, Veer Narmad South Gujarat University, Surat has successfully organized the State Level Competition on Current Trends In Biotechnology & Business Idea on 24th April, 2011 at the Convention Hall, VNSGU, Surat in association with Southern Gujarat Chamber of Commerce and Industry (SGCCI) and sponsored by Gujarat State Biotechnology Mission, Department of Science and Technology, Government of Gujarat, Gandhinagar. Total 300 students for state participated in the event. The objective behind this competition was to help young learners realize the advancement and success in life through Science and Technology in the present era. Therefore such was the theme - Current Trends In Biotechnology & Business Idea.

The event was witnessed by Chief Guest Dr. P. K. Gadhia, Dean of Science Faculty, VNSGU, Dr. Ajoy Bhattacharya, President, SGCCI, Mr. Anand Bhadalkar,




Sector Specialist, GSBTM, Gandhinagar. The Guest of Honour of the event was Dr. Salil Vaniawala, Consultant Genetisits, GeneLab, Surat.

The experts from the academics and the industries applauded the efforts made by Dr. Gaurav Shah, the course Co-ordinator and Organizing Secretary of the event and his "Team Biotech", for organizing such a state-level event in the business capital of Gujarat.

The whole competition was divided in to three parts:

1. Poster Presentation Competition for B. Sc. students in the subject of Future Prospects in Biotechnology.
2. Research Paper presentation (Oral and Poster) competition for M.Sc. students.
3. Oral presentation on Vibrant Business Idea (Biotechnology Based) for M.Sc. Students as well as others.

The event was judged by a panel appointed from various Universities of Gujarat chaired by Dr. P. V. Desai, Professor, Biosciences Department, VNSGU.

For B. Sc. level Three Prizes were awarded. At M. Sc. level: Best 03 in Research Poster (RP) and Best 03 in Research Oral (RO) were awarded. For Best Vibrant Business Idea (Biotechnology Based): Three prizes were awarded. Prizes included Medal, Book and Cash. Participants' attendance was also certified in the Valedictory Function.



## વિદાય




યુનિવર્સિટી પરિવારના નીચે દર્શાવેલ સભ્યો વયમર્યાદાને કારણે નિવૃત થયા. નિવૃત થનાર સભ્યોનો વિદાય સમારંભ સેનેટ હોલમા માનનીય કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને તા. ૧૪-૦૬-૧૧ના રોજ યોજાઈ ગયો.



૧. ડો, ભરતકુમાર ત્રિકમલાલ ઠાકર (પ્રોફેસર, રસાયણશાસ્ત્ર), ૨. શ્રી નવિનચંદ્ર જમનાદાસ સુરતી (સ્ટેટીસ્ટીશીયન), ૩. શ્રીમતી જયોતિબેન જીતેન્દ્રકુમાર દેસાઈ (સિનિયર કલાર્ક), ૪. શ્રીમતી મંજુલાબેન ગોવિંદભાઈ કંથારીયા (જુ. કલાર્ક), ૫. શ્રી નટુભાઈ રાયસીંગભાઈ પટેલ (નાયક), ૬. શ્રી મોંઘાભાઈ ધનજીભાઈ મિસ્ત્રી (નાયક), ૭. શ્રી ભોગીલાલ પ્રહલાદભાઈ નાચી (નાયક), ૮. શ્રી ચીમનભાઈ મેરવાનભાઈ પટેલ (પટાવાળા), ૯. શ્રી જેસંગભાઈ આશાભાઈ હરીજન (પટાવાળા), ૧૦. શ્રી નારાયણપ્રધાન કેન્દ્રપ્રધાન (માળી).

## મુખપત્ર



યુનિવર્સિટીના શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૦-૧૧નું 'સંવાદ' વાર્ષિક મુખપત્ર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ મુખપત્રમાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓની કૃતિઓ પ્રગટ થયેલ છે.

## ગ્રંથદાન

યુનિવર્સિટી ગ્રંથાલયને જાન્યુઆરી-મે ૨૦૧૧ દરમ્યાન નીચે દર્શાવેલ દાતાઓ તરફથી ૧૦૯૨ ગ્રંથો ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલ છે.

(૧) ગીતા પ્રેસ ગોરખપુર, સુરત શાખાના ગૌભકત ધર્મપ્રેમીઓ. ૮૨૩ ગ્રંથ
(૨) પ્રોફે. ડો. બી. એ. પ્રજાપતિ સાહેબ, કુલપતિશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. ૩૯ ગ્રંથ
(૩) પ્રોફે. ડો. સોહન રાજ તાતેર, જોધપૂર. ૧૨ ગ્રંથ
(૪) ભાગવત ભૂષણ પૂજ્ય શ્રી રમેશભાઈ ઓઝા (પૂ.ભાઈશ્રી) ૫૧ ગ્રંથ
(૫) ડો. ઈન્તેખાબ અનસારી. નવસારી. ૬ ગ્રંથ
(૬) રામકુમાર ગોયલ, આંધ્રપ્રદેશ. ૨ ગ્રંથ
(૭) શ્રી વી. યુ. ડેનિયલ, સુરત ૪ ગ્રંથ
(૮) શ્રી એન. કે. શેતકર બિડાર (કર્ણાટક) ૧ ગ્રંથ
(૯) શ્રી ડી.એન.શુકલ, અમદાવાદ. ૧ ગ્રંથ
(૧૦) ધી એનર્જી રિસોર્સ ઈન્સ્ટિટયૂટ, નવી દિલ્હી. ૧ ગ્રંથ
(૧૧) શ્રી એમ.એમ.હનુમન્ત, પુના. ૧ ગ્રંથ
(૧૨) ધી સેન્ટ્રલ ઈન્સ્ટિટયૂટ ઓફ લેન્ગ્વેજીસ, મૈસૂર. ૧૪ ગ્રંથ
(૧૩) શ્રી ગુરુ રવિદાસ જન્મ સંસ્થાન ટ્રસ્ટ, વારાણસી, ૧ ગ્રંથ
(૧૪) વેસ્ટર્ન ટાઈમ્સ, અમદાવાદ. ૧ ગ્રંથ
(૧૫) પ્રો.ફે. દિપિકા બી. શાહ, સુરત. ૧ ગ્રંથ
(૧૬) ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટયૂટ ફોર પોપ્યુલેશન સાયન્સ, મુંબઈ. ૧ ગ્રંથ
(૧૭) ઝુઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા, કલકત્તા. ૪ ગ્રંથ
(૧૮) નિયામક, સંગ્રહાલય ખાતુ, વડોદરા. ૧ ગ્રંથ
(૧૯) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. ૧૦ ગ્રંથ
(૨૦) ધર્મ દર્શન સેવા સંસ્થાન, ઉદયપુર. ૧૧૮ ગ્રંથ.

## Fulbright Fellowships for Indian Citizens [2012-2013]

The United States-India Educational Foundation (USIEF), the Fulbright Commission in India, is pleased to announce a new round of fellowship competitions open to Indian citizens for 2012-2013. In addition to providing opportunities for personal, academic and professional growth, Fulbright-Nehru and other exchanges promote mutual understanding between the people of the U.S. and India.The fellowships are available for following category: For Students, For Lecturers and Teachers, For Researchers, For Professionals, For All Applicants.

The details of fellowships, eligibility criteria and procedure for applying along with complete fellowship details and downloadable application material is available on www.usief.org.in The detail brochure is available from University Central Library (Mr.B.J.Ankuya, Assistant Librarian) and Department of Economics, Veer Narmad South Gujarat University, Surat. For further details: Dr. Gaurang Rami, Associate professor, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat. Phone: (O) +91 261 2255475 (m) +91 98790 45813

## U.G.C. Infonet

યુ.જી.સી. ઈન્ફોનેટ કન્સોર્ટીયમ અંતર્ગત યુનિવર્સિટી ગ્રંથાલયને જુદા જુદા વિષયમાં અંદાજીત ૫,૦૦૦ જર્નલ્સ તથા ડેટાબેઝ વર્ષ ૨૦૧૧-૨૦૧૨ના ઉપયોગ માટે પ્રાપ્ત થયા છે. આ સુવિધાનો લાભ સંશોધકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ લાભ મેળવી શકે છે. યુનિવર્સિટી ગ્રંથાલય તથા યુનિવર્સિટીના તમામ ડિપાર્ટમેન્ટમાંથી ઈન્ટરનેટ થકી ઉપયોગ થઈ શકશે.

**Full - Text E - Resources**

1. American Chemical Society - http://www.pubs.acs.org/
2. American Institute of Physics - http://journals.aip.org/
3. American Physical Society - http://publish.aps.org/browse.php
4. Annual Reviews - http://arjournals.annualreviews.org/
5. Wiley-Blackwell Publishing - http://www3.interscience.wiley.com/
6. Cambridge University Press - http://journals.cambridge.org/
7. Emerald - http://www.emeraldinsight.com
8. Economic & Political Weekly (EPW) - http://www.epw.in
9. Institute of Physics - http://www.iop.org/EJ/
10. J-STOR - http://www.jstor.org/
11. Oxford University Press - http://www.oxfordjournals.org
12. Project Muse - http://muse.jhu.edu/
13. Royal Society of Chemistry - http://www.rsc.org/Publishing/Journals/
14. Springer Link - http://www.springerlink.com/
15. Taylor and Francis - http://www.informaworld.com/
16. Royal Society of Chemistry(6 Databases) - http://www.rsc.org/Publishing/CurrentAwareness/index.asp
17. ISID - http://isid.org.in/
18. JCCC - http://jccc-ugcinfonet.in or www.jccc-ugcinfonet.in

## પ્રકાશન : પ્રતિભાવ

આદરણીય શ્રી પ્રજાપતિ સાહેબ,

સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી પ્રસંગે 'સ્વર્ણિમ ગુજરાતનો સ્વપ્નદ્રષ્ટા વીર નર્મદ'નું પ્રકાશન આપની યુનિવર્સિટીને ગૌરવ અપાવે એવી ઘટના છે. શ્રી જગદીશભાઈએ સાંપ્રત સારસ્વતોની પાસેથી નર્મદના જીવનના વિવિધ આયામોને ઉજાગર કરાવવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે. પુસ્તકની નોંધ 'નવનીત સમર્પણ'માં લઈશું. ભવનના સ્થાપક શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી નર્મદથી ખાસા પ્રભાવિત હતા તે આપ જાણો છો. 'અર્વાચીનોમાં આદ્ય' એવા નર્મદ ઉપર એમણે એક પુસ્તક સુધ્ધાં લખ્યું છે. સુધારાનો આગ્રહી નર્મદ આજે પણ આપણી સામે મશાલ લઈ ઊભા છે. કોલમને માથે નભતા કેટલાય કલમકારોએ હજી પોતાના 'દાન્ડીયા'થી ચેતવાતો રહે છે. એના જોસ્સાનો થોડોક અંશ પણ જો પ્રજા આત્મસાત કરે તો નવયુગને આવતા વાર ન લાગે. આપના પ્રયત્નોને સફળતા વાંછું છું અને ભવિષ્યમાં આ પ્રકારના પ્રકલ્પો દ્વારા વ્યાપક વિદ્યાક્ષેત્ર નિર્માણ થાય એવી શુભેચ્છા પાઠવું છું.

દીપક દોશી
ભારતીય વિદ્યાભવન, મુંબઈ

## Training Calender : GIDM

ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી, ગાંધીનગરનું વર્ષ ૨૦૧૧-૧૨નું વાર્ષિક ટ્રેઈનીંગ કેલેન્ડર યુનિવર્સિટી ગ્રંથાલયમાંથી પ્રાપ્ત થશે. વધુ વિગત માટે GIDM ના Shri V. Thiruppugazh, IAS, Executive Director, 079-23259303, e-mail : v.thiruppugazh@gsdm.org પર સંપર્ક કરવો.

## સમર ફિટનેસ કેમ્પ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સમગ્ર ભારતની એવી એક યુનિવર્સિટીઓમાંથી છે. જે પ્રતિવર્ષ પોતાના ખેલાડી ભાઈઓ-બહેનો માટે સમય ફિટનેસ કેમ્પનું આયોજન કરે છે. જે એક ગર્વની બાબત છે. આવો જ કેમ્પ અન્ય યુનિવર્સિટીઓએ પણ આપણી યુનિવર્સિટીને પગલે ચાલીને ચાલુ કર્યો છે. આ વર્ષે તા. ૦૧-૦૬-૨૦૧૧ થી તા. ૨૧-૦૬-૨૦૧૧ દરમ્યાન સમય ફિટનેસ કેમ્પની અંદર લગભગ ૭૫ જેટલા ખેલાડી ભાઈઓ-બહેનોએ કોચીંગનો લાભ લઈને પોતાની શકિત વિકાસ થાય એ દિશામાં આરંભ કર્યો છે. કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિના પ્રમુખપદે યોજાયેલા પૂર્ણાહૂતિ સમારંભમાં મહેમાન તરીકે કુલસચિવશ્રી જે. આર. મહેતા, ચેરમેન બોર્ડ ઓફ સ્પોર્ટના ડૉ. વિનોદભાઈ પટેલ અને સિન્ડિકેટ સભ્યશ્રી કિરીટ વાસદીયા ઉપસ્થિત રહયા હતા. કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિએ જણાવ્યું કે રમત-ગમતમાં સિધ્ધિ હાસલ કરવાથી સમાજ જીવનમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત થાય છે, એટલું જ નહિ વ્યવસાય ક્ષેત્રે પણ સરકારી, પ્રાઈવેટ, કો-ઓપરેટીવ કે અન્ય તમામ ક્ષેત્રોમાં નોકરી અને વ્યવસાયની તક પણ ઉજળી બને છે. આવનાર વર્ષમાં તમને આ કેમ્પમાં મળેલી ટ્રેનીંગ ઉપયોગી થાય અને ક્રિકેટ, બેડ્મિન્ટન, સ્વીમીંગ વિગેરેની રમતોમાં તમે તમારી યુનિવર્સિટીનું નામ રાષ્ટ્રીય કક્ષાએ ઉજાળો જેવી શુભેચ્છા.

ચેરમેનશ્રી ડૉ. વિનોદભાઈ પટેલે વિદ્યાર્થીઓની મહેનતને બિરદાવી હતી અને યુનિવર્સિટી કેમ્પસ ઉપર યુનિવર્સિટીએ પોતાની જમીનમાં દાતાઓને બોલાવી વિવિધ રમતોના મેદાનો તૈયાર કરવા માટે જે બિડુ ઝડપયું છે તે બદલ કુલપતિશ્રીનો આભાર માન્યો હતો અને શુભેચ્છા પાઠવી હતી.

નિયામકશ્રી ડેવિડ પોલે કેમ્પ અંગે વિગતવાર માહિતી આપી હતી. ખેલાડી-બહેનો તરફથી કુ. પૂજા ચૌરૂષિ અને શ્રી અંકિત પટેલે આ ફિટનેસ કેમ્પની સમગ્ર ગતિવિધિઓને જીવનમાં ઉપયોગી બનાવવાની ખાત્રી આપી હતી. યુનિવર્સિટીના આયોજન માટે આનંદ વ્યકત કર્યો હતો.

કેમ્પ દરમ્યાન સેન્ડરનીંગ માટે વિદ્યાર્થીઓને ડુમસ લઈ જવામાં આવ્યા હતાં અને આઉટીંગ માટે સાપુતારા લઈ જવામાં આવ્યાં હતાં, કેમ્પના કોચશ્રી રાજુ ભાલાવાલા, શ્રી કેતન પટેલ, શ્રી દિનેશ સારંગ, શ્રી ચેતન પટેલ અને શ્રી જીગર વાઘેલાનું કુલપતિને હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

## Internation Conference



યુનિવર્સિટીના કેમીસ્ટ્રી ડિપાર્ટમેન્ટના ડૉ. નવિન બી. પટેલએ Indian Council of Chemistsની Global Challenge's : The Role of Chemistry in giving their solutions વિષય પરની બેંગકોક ખાતે તા. ૧૨ થી ૧૪ જૂન, ૨૦૧૧ દરમ્યાન યોજાયેલ International Conferenceમાં ભાગ લઈને 4-[2-(5-ethylphyridin-2yl)ethoxy] benzaldehyde : a useful intermediate for antidiabatic antibacterial, antifungal and antitubercular agent." વિષય પર વ્યાખ્યાન પ્રસ્તુત કર્યું હતું.

## Ph.D.

A list of Doctoral theses accepted by Veer Narmad South Gujarat University, Surat during March-May 2011.

**Aquatic Biology**

1 Tandel, Riteshkumar J. Status of shrimp farming in Valsad taluka : a case study. (Dr.Mohiniben Gadhia), Professor and Head, Department of Aquatic Biology, VNSGU, Surat.

**Bio Science**

1 Pilli, Varalakshmi. Studies in the occurrence and characterization of tendinitis. (Dr.S.K.Tank), Professor, Department of Bioscience, VNSGU, Surat.

**Chemistry**

1 Patel, Hemantkumar R. Studies and synthesis of nitrogen, sulphur containing heterocycles and their biological evaluation.(Dr.N.B.Patel), Professor, Department of Chemistry, VNSGU, Surat.

**Economics**

1 Patel, Vinodchandra N. Health care system in Surat district (with reference to Olpad taluka). (Dr.S.S.Rao), Professor, Department of Economics, VNSGU, Surat.

**Education**

1 Babi, Nishat A. Shreni aathna samajik vignan vishayma pasand karela ekamona adhyapan matey kathputali nidarshnni asarkarkta.(Dr.Dipikaben B.Shah), Professor, Department of Education, VNSGU, Surat.

2 Parmar, Meenakumari R. Dhoran aathna vidhyarthiyo matey samajik vignan vishayma pasand karela ekamo par sva-adhyayan samagrini rachna aney teni ajamayas. (Dr.Vinodbhai G.Patel), Principal, V.T.C.S.College of Education, Surat.

3 Patel, Jayeshkumar D. Narmada aney Bharuch jilla kakshaey madhyamik shikshan:vikas aney samashyao. (Dr.Vinodbhai G.Patel), Principal, V.T.C.S.College of Education, Surat.

4 Purohit, Nalinkumar H. Shikshanma sampuran gunvatta vyavshthapan sandarbhma Surat jilla kakshaey talimi karyakramo: ek sarvekshan.(Dr.Raysingbhai B.Chaudhari), Associate Professor, Department of Education, VNSGU, Surat.

**Law**

1 Parikh, Rajendra I. Adoption in indian law- a critical study. (Dr.Vikrambhai Desai), Principal, Siddharth Law College, Surat.

**Management**

1 Desai, Devang J. A study on dealer channel for industrial paint market in south Gujarat region. (Dr.Vinodbhai B.Patel), Professor, Department of

Business and Industrial Management, VNSGU, Surat.

2 Wani, Nitin S. A study on adolescent's influence in family decision making. (Dr.M.V.Sidhpuria), Professor, Department of Business and Industrial Management, VNSGU, Surat.

**Mathematics**

1 Shah, Keya A. Mathematical modeling of malignant skin tumor in human body. (Dr.P.H.Bhathawala), Retd.Professor, Department of Mathematics, VNSGU, Surat.

**Psychology**

1 Vyas, Bharati R. An impact assessment of class room environment and family environment of mental health among school going children. (Prof.L.R.Yagnik), Head, Department of Psychology, S.P.University, Vallabh Vidyananar.

**Sociology**

1 Tamakuwala, Shital J. Gender stereotypes in media: a study of the impact of television serials and advertisements on college students. (Dr.Sugunaben Pathy), Retd.Professor, Department of Sociology, VNSGU, Surat.

## M.Phill.

A list of Dissertations accepted by Veer Narmad South Gujarat University, Surat during March-May 2011.

Bioscience

1 Patel, Ankitakumari C. Physico-chemical and biological study of parameters of water bodies in and around Surat.(Dr.Anita Bahadur), Associate Professor, Sir P.T.S.College of Science, Surat.

2 Shah, Krishpa M. Purification and characterization of extracellular phytase from microbial origin. (Dr.Ratna Trivedi), Assistant Professor, SRKICEAS, Surat.

**Commerce**

1 Tandel, Shitalben G. A comparative study of working capital management in indian iron and steel industry. (Dr.S.S.Patel), Associate Professor, S.R.M.Commerce College, Rajpipla.

**Economics**

1 Pathan, Samadkhan I. Navsari jillana Vansada talukama rashtriya gramin rojgar guarantee yojnana labharthioni aarthik sthiti: ek abhyas. (Dr.Hemali A. Desai), Principal, Rofel Arts-Commerce College, Vapi.

**Education**

1 Patel, Devang A. B.Ed.kakshaey "Shaikshnik mulyankanna upkarno" ekam par computer karyakramani rachna aney asarkarkata.(Dr.Ummed Singh), Associate Professor, Department of Education, VNSGU, Surat.

2 Patel, Faluguniben C. Madhyamik kakshaey shikshanni gunvatta sudharna matey shikshkona abhiprayo:en gunatmak sanshodhan.(Dr.Ummed Singh), Associate Professor, Department of Education, VNSGU, Surat.

**Gujarati**

1 Chaudhari Prakshkumar M. Gazalkar Rayeesh Maniaar: ek abhyas. (Dr.A.A.Shaikh), Assistant Professor, Govt.Arts-Commerce College, Vansda.

**Hindi**

1 Chaudhari, Kokilaben M. Bhishm Sahani ki kahaniyo mey nari-jivan sandarbh (nari samashyaey. (Dr.J.D.Patel), Assistant Professor, Shree Jayendrapuri Arts-Science College, Bharuch.

2 Manjara, Memuna K. Dr.Rahi Masoom Raza key upanyaso mey hindu-muslim alagav ki samashyaey. (Dr.N.A.Malek), Assistant Professor, H.R.S.Mahila Arts-Commerce College, Navsari.

3 Patel, Namrata C. 'Manas ka Hans'- ek adhyayan. (Dr.N.P.Magazine), Assistant Professor, Shri J.P.S. Arts College, Valsad.

4 Patel, Sandhyaben C. Ek aur Dhronacharya: naitik mulyo key pariprekshya mey. (Dr.K.B. Parikh), Assistant Professor, Smt. J.P.S.Arts College, Valsad.

5 Patel, Vaishaliben D. Yashpal ki kahaniyo mey nari-samasya: ek adhyayan. (Dr.G.M.Patel), Assistant Professor, V.S.P.College of Arts-Science, Bilimora.

6 Vasava, Rajmahendra A. Bhil aadivashi lokkatha Rajapantha aur Yahamogi kaa vivechanatmak adhyayan. (Dr.A.K.Shah), Retd.Principal, S.S.G.Patel Arts-Commerce College, Nizar.

**Mathematics**

1 Trivedi, Chiragkumar R. Numerical treatment of differential equations and integro differential equations by taylor collocation method. (Dr.D.C.Joshi), Assistant Professor, Department of Mathematics, VNSGU, Surat.

**Physical Education**

1 Chauhan, Virendrakumar J. Malkhanmbhnaa kaushalya talim dwara sharirik kshamta naa vikas no abhyas. (Dr.R.N.Sadri), Assosicate Professor, J.Z.Shah Arts & H.P.Desai Commerce College, Amroli.

2 Makwana, Anilkumar M. Playometrics talim aney vajan talim dwara laanbikudnaa kheladiyona dekhav par thati asarono abhyas. (Dr.R.N.Sadri), Assosicate Professor, J.Z.Shah Arts & H.P.Desai Commerce College, Amroli.

## Results March-Jun 2011

| Sn. | Examination | Percentage |
|---|---|---|
| 1. | BHMS (S.Y.) | 55.78 |
| 2. | T.Y.B Sc. | 84.57 |
| 3. | B.Ed. (Reg) | 99.64 |
| 4. | B.Ed. (Basic) | 100 |
| 5. | M.Ed. | 100 |
| 6. | B.H.M.S. (F.Y) | 50.94 |
| 7. | B.S.W (F.Y) | 97.14 |
| 8. | B.S.W (S.Y) | 96.77 |
| 9. | B.S.W (T.Y) | 100 |
| **Sn.** | **Examination** | **Percentage** |
| 10. | B.L.I.Sc. | 97.22 |
| 11. | M.L.I.Sc. (Part-1) | 100 |
| 12. | M.L.I.Sc. (Part-2) | 100 |
| 13. | T.Y.B.Com. (Reg) | 57.6 |
| 14. | T.Y.B.Com. (Ext) | 33.96 |
| 15. | T.Y.B.R.S. | 98.02 |
| 16. | B.H.M.S (T.Y) | 79.14 |
| 17. | M.P.A. (Sem.3) | 100 |
| 18. | M.P.A (Sem.4) | 100, 80 |
| 19. | B.B.A. (Sem. 5) | 41.19 |
| 20. | F.Y.B.Sc. | 66.31 |
| 21. | M.P.E. (Sem. 2) | 100 |
| 22. | M.Sc. (Part II) (Ag Biology) | 100 |
| 23. | B.R.S. (S.Y) | 97.14 |

| | | |
|---|---|---|
| 24. | M.Sc. (Sem II) (Aq. Biology) | 90.91 |
| 25. | M.Sc. (Sem I) (M. Biology) | 66.67 |
| 26. | B.Pharm (Final) | 98.89 |
| 27. | B.Opto. (Sem I) (Sup) | 100 |
| 28. | B.Opto. (Sem III) (Sup) | 100 |
| 29. | B.Opto. (Sem V) (Sup) | 100 |
| 30. | B.R.S (F.Y) | 95.22 |
| 31. | M.P.A. (P.T.) (Sem II) | 100 |
| 32. | M.P.A. (Sem I) | 100 |
| 33. | M.P.A (Sem II) | 100 |
| 34. | M.Sc. (Bio Science) (Sem I) | 75 |
| 35. | M.Sc. (Bio Science) (Sem II) | 93.18 |
| 36. | T.Y.B.A. (Reg) | 89.29 |
| 37. | T.Y.B.A. (Ext) | 73.47 |
| 38. | B.C.A. (Sem 5) | 35.51 |
| 39. | M.Sc. (Statistics) (Sem 2) | 100 |
| 40. | M.Sc. (Bio Science) (Part 2) | 97.87 |
| 41. | B.P.E (F.Y) | 100 |
| 42. | B.P.E. (S.Y) | 100 |
| 43. | B.P.E. (T.Y) | 100 |
| 44. | B.P.Ed. (One Year) | 100 |
| 45. | M.Sc. Part I (Ele) | 33.33 |
| 46. | M.Sc. Part I (Phy) | 100 |
| 47. | M.Sc. Part II (Ele) | 100 |
| 48. | M.Sc. Part II (Phy) | 100 |
| 49. | M.S Part II (Statistics) | 100 % |
| 50. | M.P.E. (Part-2) | 100 |
| 51. | B.C.A. (Sem 6) | 97.65 |
| 52. | B.H.M.S (4Th Year) | 63.85 |
| 53. | M.B.A (Sem-4) | 88.89 |
| 54. | M.B.A (Sem-2) | 54.95 |
| 55. | M.B.A (Sem.2 THM) | 27.27 |
| 56. | M.B.A (Sem-2) (Evening) | 31.82 |
| 57. | S.Y. B.Sc. | 76.10 |
| 58. | M.H.R.D. (Sem-4) | 100 |
| 59. | M.H.R.D. (Sem-2) | 50 |
| 60. | M.H.R.D. (Sem-2)(Evening) | 81.82 |
| 61. | M.H.R.D. (Sem-4)(Evening) | 79.17 |
| 62. | Mass Com. (Sem-4) | 100 |
| 63. | B.C.A. (Sem -3) | 40.24 |
| 64. | M.R.S (Sem-4) | 94.44 |
| 65. | M.B.A (Sem-4 THM) | 80 |
| 66. | M.B.A (Sem-4)(Evening) | 33.33 |
| 67. | M.B.A (Sem-2)Old | 100 |
| 68. | M.B.A (Sem-4 )Old | 50 |
| 69. | M.B.A(Sem-2)Old (Evening) | 100 |
| 70. | M.B.A (Sem-4)Old (Evening) | 100 |
| 71. | M.B.A (Sem-6)(Evening) | 94.87 |
| 72. | B.C.A(Sem-1) | 34.39 |
| 73. | B.Pharm (F.Y) | 60 |
| 74. | B.Pharm (S.Y) | 100 |
| 75. | B.Pharm (T.Y) | 82.14 |
| 76. | M.Sc. Applied Stat (Sem-1) | 100 |
| 77. | M.Sc. Applied Stat (Sem.II) | 72.73 |
| 78. | M.Sc. (Tech) (Part-II) | 100 |
| 79. | M.Sc Applied State (Sem-3) | 100 |
| 80. | M.Sc Applied State (Sem-4) | 100 |
| 81. | M.L.W (Sem-2)(Old) | 25 |
| 82. | B.Performing Arts (Sem-I) | 94.44 |
| 83. | B.B.A (Sem-I) | 39.19 |
| 84. | Biotech (F.Y) | 91.19 |
| 85. | F.Y.B.Com (Reg) | 68.59 |
| 86. | F.Y.B.Com (Ext) | 59.25 |
| 87. | M.Sc A.S (Sem-2)(Old) | 100 |
| 88. | F.Y.B.Com (Honors) | 83.06 |
| 89. | B.B.A (Sem-3) | 33.27 |
| 90. | L.L.B (Sem-5) | 40.51 |
| 91. | P.G.D.M.L.T. | 71.79 |
| 92. | L.L.B (Sem-6) | 74.38 |
| 93. | M.Sc (Sem-1) Phy | 81.82 |
| 94. | M.Sc. (Sem-2) Phy | 100 |
| 95. | F.Y.BA(Reg) | 84.73 |
| 96. | F.Y.BA(Ext) | 85.87 |
| 97. | M.S.W (Sem-2)(Old) | 100 |
| 98. | M.S.W (Sem-4) | 100 |
| 99. | B.C.A (Sem-2) | 79.96 |
| 100. | M.H.R.D (Sem-2) | 99.10 |
| 101. | M.L.W (Sem-2) | 100 |
| 102. | Diploma in Journalism | 100 |
| 103. | M.A. Mass Com. (Sem-2) | 100 |
| 104. | B.B.A (Sem-4) | 45.84 |
| 105. | B.C.A(Sem-4) | 91.53 |
| 106. | M.Sc. Part I (Chemistry) | 67.75 |
| 107. | M.Sc. Pat-II (Chemistry) | 100 |

# કોલેજ ન્યૂઝ

## વ્યાખ્યાન

વ્યા તા. ૨૭-૦૬-૧૧ના દિવસે ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન એમ.એડ્., સુરતમાં શ્રી સ્વામીની સદ્વિદ્યાનંદજીનું "ભારતીય વેદાંત દર્શન" વિષય પરનું વ્યાખ્યાન યોજાઈ ગયું. તદ્પરાંત ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના ડીન તેમજ અધ્યક્ષ ડૉ. આર.એસ.પટેલ અને ભાવનગર યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ ડૉ. જે.પી. મૈયાણીનું 'સંશોધન સમસ્યા પસંદગી તેમજ સમસ્યાની માવજત' વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું. જેમાં વિદ્યાર્થીઓએ ચર્ચામાં ભાગ લીધો હતો.

## સ્પર્ધા



સ્પ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ કબડ્ડી સ્પર્ધામાં તા. ૨૨/૨/૧૧ અને ૨૩/૨/૨૦૧૧ના રોજ બી.બી. અવિચળ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ માંડવી મુકામે યોજાઈ હતી. આ વર્ષે પણ ઝોન પ્રથા પાડવામાં આવી હતી. "એ" ઝોન અને "સી" ઝોન, "બી" અને "ડી" ઝોન આમ બે ઝોનમાં ટીમને વહેંચવામાં આવી હતી. "એ" ઝોન અને "સી" ઝોનમાં નવયુગ કોમર્સ કોલેજ "એ" ઝોન અને "સી" ઝોન ચેમ્પીયન બની હતી. ત્યારબાદ ઈન્ટરઝોનમાં છ ટીમ વચ્ચે સ્પર્ધા રાખવામાં આવી હતી. આ સ્પર્ધામાં નીતીન સવસવીયા,

પારેખ જોની, મનોજ માલસરે, ઉપાધ્યાય ધર્મેશ, રાણા દિવ્યેશે, મહેતા ભાવિન તથા નિકેશ રાંદેરીની રમત ઉત્તમ હતી. નવયુગ કોમર્સ કોલેજ ઈન્ટર ઝોનમાં રનર્સઅપ હતી. આચાર્ય જે. એમ. નાયક તથા યુનિયનના ચેરમેન પ્રો. ભરતભાઈ વશીએ ખેલાડીઓને અભિનંદન આપ્યા હતા. અને હવે યુનિ.માં ચેમ્પીયન બનો એવી શુભ કામના આપી હતી. પ્રો. અરવિંદભાઈ નાયકે ખેલાડીઓને માર્ગદર્શન આપ્યું હતું. વર્ગ-૪ના કર્મચારી દિલીપ મહાલેએ ખેલાડીઓને પ્રેકટીસ તથા રમતી વખતે યોગ્ય સુવિધા પુરી પાડી હતી.

નવયુગ સાયન્સ કોલેજ, સુરતના એફ.વાય.બી.એસ.સી.ના વિદ્યાર્થી શ્રી જતિન બુહા ર્ડા. વિક્રમ સારાભાઈ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર અમદાવાદ અને ઈન્સ્ટીટયુટ ઓફ પ્લાઝમાં રીસર્ચ દ્વારા આયોજિત એડવાન્સ સમર પ્રોગ્રામ સફળતા પૂર્વક કરી યોજાયેલ પરીક્ષામાં સમગ્ર રાજયમાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે અભિનંદન.

## પ્રવેશોત્સવ

જય ગાયત્રી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી જી.એન પંડયા બી.એડ્. કોલેજ, ભેસ્તાનમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨ના તાલીમાર્થીઓનો પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમના અધ્યક્ષશ્રી એન.એસ. પંડયાએ તાલીમાર્થીઓને સતત પરિશ્રમ કરી ઉત્તમ શિક્ષક બનવા માટેના આર્શિવચનો પાઠવ્યા. આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓને પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું તથા આચાર્યાશ્રી અને સમગ્ર પ્રાધ્યાપકગણ દ્વારા તાલીમાર્થીઓને સહર્ષ શુભેચ્છા પાઠવવામાં આવી.

બી.જે. પટેલ કોલે જઓફ એજયુકેશન, બારડોલીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨નો સત્રારંભ કાર્યક્રમ તા. ૧૫-૦૬-૨૦૧૧ના રોજ યોજવામાં આવ્યો હતો. આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલે મહેમાનોને આવકાર અને પરિચય આપ્યો હતો. આ પ્રસંગે ભારત એજયુકેશન ટ્રસ્ટના પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલ, સાર્વજનિક મહિલા પી.ટી.સી. કોલેજના આચાર્યા શ્રીમતી શૈલાબેન ટંડેલ તથા એમ.બી. એમ. કોન્વેન્ટ હાઈસ્કુલના આચાર્યા શ્રીમતી દર્શનાબેન ઠીંમર તથા પુનિત ઈંગ્લીશ સ્કૂલ પ્રાથમિક વિભાગના આચાર્યા શ્રી ગિરીશભાઈ રાઠોડે શુભેચ્છાઓ પાઠવી હતી. ટ્રસ્ટના ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, ડૉ. ખુશાલભાઈ દેસાઈએ અધ્યક્ષીય પ્રવચન રજૂ કર્યું હતું. પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરનાર પ્રા. ડૉ. મીનાબેન પરમારનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતના વર્ષ-૨૦૧૧માં પ્રવેશ મેળવનાર તાલીમાર્થીઓનો સ્વાગત સમારંભ ટ્રસ્ટી શ્રી મેહુલભાઈ જોષીના અધ્યક્ષપણા હેઠળ યોજાયો હતો. અતિથિ તરીકે બી.સી.એ. કોલેજના કેમ્પસ ડાયરેકટર સુમતિ શિનોય પણ ઉપસ્થિત રહયા હતા. ઈ.આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલે સંસ્થાકીય પરિચય આપી મહેમાનશ્રીઓ અને તાલીમાર્થીઓનું સ્વાગત કર્યું હતું. કોલેજના સેક્રેટરી શ્રી મેહુલભાઈ જોષીએ તમામ તાલીમાર્થીઓને આવકાર્યા હતા તથા પ્રવર્તમાન સમયમાં બદલાયેલો અભ્યાસક્રમ મુજબ શિક્ષકો કેવાં હોવા જોઈએ તેની માહિતી આપી હતી. ત્યારબાદ સર્વ પ્રાધ્યાપકગણે સ્વપરિચય આપ્યો હતો અને તાલીમાર્થીઓનો પરિચય લેવામાં આવ્યો હતો તમે જ તેમણે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

તા. ૧૫-૦૬-૧૧ના રોજ શ્રી નર્મદા કોલેજ ઓફ એજયુકેશન, માંગરોલ ખાતે બી.એડ. ૨૦૧૧-૧૨ના તાલીમાર્થીઓનો પ્રવેશોત્સવ યોજાયો હતો. ઈન્ચાર્જ આચાર્યશ્રી મનોજભાઈ રામી તથા સંસ્થાના મંત્રીશ્રી મહેશભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્દબોધન કર્યું હતું. તેમજ તાલીમાર્થીઓને આર્શીવચનો પાઠવ્યા હતા. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે રાજૂવાડીયા હાઈસ્કુલના આચાર્યશ્રી યોગેશભાઈ જોષી ઉપસ્થિત રહયા હતા.

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, ભરથાણામાં તા. ૧૩-૬-૧૧ના રોજ પ્રવેશોત્સવની ઊજવણી કરવામાં આવી. જેમાં કેમ્પસ ડાયરેકટરશ્રી, નયનાબેન ચૌહાણ તથા રજીસ્ટ્રારશ્રી એ.એન ઠાકરએ તાલીમાર્થીઓનું સ્વાગત કર્યું.

બીલીમોરા સ્થિત બી.એડ્. કોલેજ શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયમાં તા. ૧૫-૬-૨૦૧૧ના રોજ નવ નિયુકત ઈ.આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ આર. નાયકને આવકાર અને વર્ષ ૨૦૧૧-૧૨ના તીલીમાર્થીઓના સ્વાગતનો કાર્યક્રમ મંડળના પદાધિકારશ્રીઓની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. પૂર્વે આચાર્યશ્રી ડૉ. દિનુભાઈ નાયકે શિક્ષક, શિક્ષણ અને સમાજના વિવિધ આયામોની ચર્ચા કરી હતી.

## કાર્યક્રમ

તા. ૫-૭-૨૦૧૧ના રોજ ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન, એમ.એડ્.માં 'Talent Hunt'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એમ.એડ્.ના બધા જ વિદ્યાર્થીઓએ વિવિધ પ્રવૃત્તિઓ કરી પ્રતિભાને પ્રદર્શિત કરી હતી. અધ્યાપકોએ પણ તેમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## આરોગ્ય

સી.એન.કોઠારી હોમિયોપેથિક મેડિકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર વ્યારામાં સ્વ. ડૉ. માર્કંડ ભટ્ટની પ્રથમ પૂણ્યતિથિએ રોટરી આઈ ઈન્સ્ટીટયૂટ તેમજ પાલવાડા કેળવળી મંડપના સંયુકત ઉપક્રમે તા.૧-૬-૧૧ ના રોજ શ્રધ્ધાંજલિ સભા નેત્રયજ્ઞ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્યા ડૉ. જયોતિ રાવ, સંસ્થાના સેક્રેટરી ડૉ. કનુભાઈ દેસાઈ, રોટરી આઈ ઈન્સ્ટીટયૂટનાં ડૉ. દેસાઈ પાલવાડા કેળવણીનાં કપિલરાવ પુરોહિત, યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યશ્રી ઘનશ્યામભાઈ રાવલ દ્વારા સ્વ માર્કંડભટ્ટને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. ડૉ. માર્કંડ ભટ્ટની પૂણ્યતિથિમાં યોજાયેલ વિનામૂલ્યે ૩૪૪ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. તેમજ દર્દીઓને બિસ્કિટ અને વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.


## વિજ્ઞપ્તિ

સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સાદર જણાવવાનું કે, કોલેજના અધતન સમાચાર 'દક્ષિણાયન'માં પ્રગટ કરવા માટે

બી.જે. અંકુયા
તંત્રી, 'દક્ષિણાયન'
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય,
ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭ને મોકલી આપવા વિનંતી.

# વાચન વિશેષ

## વાંચે ગુજરાત : પુસ્તક પરિચય



**દીપે અરુણું પરભાત**
લેખક : પ્રો. બી.એ. પ્રજાપતિ
પ્રકાશક : પ્રો. બી.એ. પ્રજાપતિ, કુલપતિશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
તા. ૨૬-૨-૨૦૧૧. પૃ. ૨૧૦. રૂા. ૨૦૦-૦૦
ISBN 978-81-921045-1-5

અહીં ગ્રંથસ્થ ૪૯ લેખો કુલપતિ તરીકે છેલ્લા અઢી વર્ષ દરમ્યાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પાક્ષિક વૃત્તપત્ર 'દક્ષિણાયન' માં દીપે અરુણું પરભાત' સ્વરૂપે લખાયેલ છે.

ગ્રંથની પ્રસ્તાવનામાં ડો.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદના પૂર્વ કુલપતિશ્રી તથા નોલેજ કોન્સોર્શિયમ ઓફ ગુજરાતના કન્વીનર પ્રોફે. અવધેશ કુમાર સિંહ દર્શાવે છે કે The 'Prefaces' are constructed uniquely with epilogues containing great thoughts by distinguished minds and texts from India and abroad. The epilogues and Prefaces throw light at each other and add to the meaning with the interchange of their roles as text and context. For the anthology Dipe Arunu Parabhat I cannot but compliment Professor Prajapati for staying focused during his ever hectic schedule and stealing moments for penning his thoughts on important issues and thereby remaining in touch with words and their worlds and transforming them into tangible actions. All of them, put together, constitute the trajectory of the evolution of the Newsletter and the University under him. In many senses, he justifies his surname 'Prajapati' and the position 'Kulpati' with equal measure.

આ ગ્રંથમાં ગુજરાત, સ્વર્ણિમ ગુજરાત, યુનિવર્સિટીનો મુદ્રાલેખ, યુ.જી.સી., ઉચ્ચશિક્ષણ અને તેનાં વિવિધ કમિશનો, દીક્ષાન્ત સમારોહ, હિન્દ સ્વરાજ, વીર નર્મદ, આચાર્યશ્રી મહાપ્રજ્ઞજી, સરદાર પટેલ, સ્વામી વિવેકાનંદ, ડૉ. આંબેડકર, ઉમાશંકર જોશી, શ્રી અરવિંદ, મહામતિ પ્રાણનાથ અને ડૉ.અબ્દુલ કલામ, જર્મનના સંસ્કૃત ઋષિ પુરુષ મેકસ મુલર, વિશ્વ અહિંસા, રાષ્ટ્રીય સેવા યોજના, તથા અન્ય વિવિધ વિષયો પરની ચિંતા અને ચિંતન આપણને જોવા મળે છે. દરેક વિરાટ વ્યકિતત્વમાંથી માત્ર આચમન ભર લઈને વાચકોને પીરસવામાં આવેલાં વ્યકિતચિત્રો પણ બેનમૂન છે. જેની વિદ્વાનો અને સામયિકોએ પણ નોંધ લઈને પુનઃ પ્રકાશિત પણ કર્યા છે.

લેખોમાં અનુભવજન્ય વિગતો માત્ર નથી પરંતુ સમસ્યાનું વિશ્લેષણ કરીને તેનાં ઉપાયો પણ પ્રસ્તુત કર્યા છે. અને તે પણ નિર્ભય થઈને. લેખોમાં ઉચ્ચ શિક્ષણની ચિંતા અને ચિંતન સુપેરે પ્રસ્તુત થયેલ છે. વિવિધ વિષયોને પરિણામે 'દીપે અરુણું પરભાત'ની રાહ જોતા વિશિષ્ટ વિદ્વાન વાચકો પણ મળ્યા છે. આ ગ્રંથનો પ્રત્યેક લેખ તાજગીસભર છે. પરિણામે આ લેખો વારંવાર વાંચવા ગમે તેવા માહિતીસભર છે. સાથે સાથે પ્રત્યેક લેખના મથાળે અને અંતે મૂકવામાં આવેલ અવતરણો લેખના હાર્દને સ્પષ્ટ કરવા ઉપરાંત શિક્ષણ ચિંતકો સંબંધિત સમસ્યાઓ અંગે કેવું વલણ ધરાવે છે તેની પણ પ્રતીતિ કરાવે છે. આ અવતરણોના સૂચિતાર્થો પણ વાચકને દિશા નિર્દેશ કરે છે. સાહિત્ય સ્વરૂપની દષ્ટિએ આ લેખો ચિંતનપ્રધાન લઘુનિબંધોની શ્રેણીમાં આવે. વિષયોની દષ્ટિએ શૈક્ષણિક નિબંધો કહી શકાય. લેખોની ભાષાશૈલી પ્રવાહી અને બોધગમ્ય છે. વિચારોની ધારદાર રજૂઆતને લીધે ગદ્યલેખન અત્યંત પ્રવાહી બની રહયુ છે. ડૉ. ચંદ્રકાન્ત મહેતા 'દીપે અરુણું પરભાત'ના પ્રતિભાવમાં દર્શાવે છે કે "કુલપતિ એ વિશ્વવિદ્યાલયનો વહીવટદાર માત્ર નથી, પણ શિક્ષણ-લોકશિક્ષણનો ઉદગાતા છે." જે આ ગ્રંથ થકી ફલિત થાય છે.

સાહેબશ્રીએ એક એક શબ્દને વિચાર કરી કરીને મૂકયો છે. પરિણામે વિચારોમાં કયાંય પણ પુનરાવૃત્તિ જોવા મળતી નથી. અતઃ શિક્ષણજગતના અનેક તજજ્ઞો અને વિશિષ્ટ વ્યકિતઓ પૈકી શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક (પૂર્વ શિક્ષણ અગ્ર સચિવ, ગુજરાત સરકાર અને પૂર્વ કુલપતિશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ), આચાર્યશ્રી મહાપ્રજ્ઞજી (અણુવ્રત અનુશાસ્તા), ડો. દાઉદભાઈ ઘાંચી (સુપ્રસિધ્ધ કેળવણીકાર અને પૂર્વ ઉપ-કુલપતિશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ), શ્રી ભોળાભાઈ પટેલ, (સુપ્રસિધ્ધ સાહિત્યકાર), પ્રો,મણિલાલ હ. પટેલ (સુપ્રસિધ્ધ સાહિત્યકાર), પ્રો. રાજેન્દ્ર નાણાવટી (ઓરીએન્ટલ ઈન્સ્ટિટયૂટ, વડોદરા), ડો. ચંદ્રકાન્ત મહેતા (પૂર્વ ઉપકુલપતિશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) અને પ્રો.વી.જે.ત્રિવેદી (અમદાવાદ) વગેરેએ આ લેખોને પોંખ્યા છે તેનો હું સાક્ષી છું.

ગુજરાતની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીએ લખેલા વૃત્તપત્રના લેખોનું ગ્રંથ સ્વરૂપે પ્રગટ થવું આ બીજી વિરલ ઘટના છે. આ અગાઉ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના પૂર્વ કુલપતિશ્રી, શ્રી નિરંજન દવેએ યુનિવર્સિટીના વૃત્તપત્ર 'ઉદીચ્ય'માં 'આદિવચન' સ્વરૂપે લખેલા લેખોનો ગ્રંથ 'ઉચ્ચશિક્ષણઃ ચિંતા અને ચિંતન" (અમદાવાદઃ પાર્શ્વ પ્રકાશન, ૧૯૯૯) પ્રગટ થયેલ.

ઉચ્ચશિક્ષણ સંબંધિત આ ગ્રંથ કેળવણીકારો અને શિક્ષણની નીતિ ઘડનારાઓ અને વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક બની રહે તેટલો ગુણવત્તા સભર બની રહયો છે. પરિણામે શિક્ષણ સંબંધિત સૌ કોઈએ આ ગ્રંથનું વાચન કરવું રહયું. તદપરાંત પ્રત્યેક યુનિવર્સિટી ગ્રંથાલયો તથા મહાવિદ્યાલયોએ આ ગ્રંથને વસાવવો રહયો. વાચકમિત્રોને આ ગ્રંથ દ્વારા ઉચ્ચશિક્ષણને અને વ્યકિતઓને સમજવાનો પણ અવસર મળશે એવો મને વિશ્વાસ છે.

બી. જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

પ્રયેક વ્યકિત અને વસ્તુની ઉજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ; કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો; વાદવિવાદ ના કરો; પોતાનો આગ્રહ ન રાખો; બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો; માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો; ખૂબ પ્રેમભાવ કેળવો; પોતાને થતા અન્યાયો-આવી પડતા દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દૃઢાવો.... રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો; કયાંયે કશામાંથી ભાગવાનું ના હોય; કયાંય કોઈની સરખામણી ના કરો; અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે; જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે.

- પૂજય શ્રી મોટા

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : B J Ankuya, Assistant Librarian
Published by : J R Mehta, Registrar
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com